# સચિને શિવાંશની જન્મદાત્રીનું ગળુ દબાવી હત્યા કરી

## બાળકના પિતા રાજસ્થાનના કોટાથી પકડાયા બાદ વડોદરામાં લીવઈન રિલેશનથી રહેતા હિના ઉર્ફે મહેંદી સાથેના સંબંધથી જન્મલે બાળકને પેથાપુર ગૌશાળા પાસે તરછોડ્યું

ગાંધીનગર, તા.૧૦

પતિ, પત્નિ ઔર વો ના પ્રણય ત્રિકોણનો કરૂણ અંજામ આવ્યો છે. પેથાપુર ગૌ શાળા પાસે બાળકને તરછોડી દેનાર પિતા સચિન દિક્ષિતે બાળક શિવાંશની માતાની ગળુ દબાવી હત્યા કરી નાંખી છે. શિવાંશની માતા હીના ઉર્ફે મહેંદી પેથાણીએ સાથે રહેવાનું કહેતા બંન્ને વચ્ચે ઉગ્ર ઝઘડો થયો હતો,જેથી સચિને હીનાની હત્યા કરી મૃતદેહ બેગમાં મુકી ગાંધીનગર આવી ગયો હતો. પોલીસ સચિન સામે કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે.

ગાંધીનગર પેથાપુર સ્વામીનારાયણ ગૌ શાળા ખાતે બાળકને તરછોડી નાસી જનાર તેના પિતા સચિન દિક્ષિતને પોલીસે ઝડપી પાડ્યો છે.મળતી વિગત મુજબ રાજસ્થાનના કોટાથી સચિન તેમજ તેનો પરિવાર રવિવાર વહેલી સવારે આવી પહોંચ્યા હતા. સચિનની માનસિક હાલત સારી ન



હોવાથી પોલીસે શાંતિથી વિશ્વાસમાં લઈને પુછતાછ કરી હતી. ત્યારે પોલીસે શિવાંશને ત્યજી દેવાના પ્રકરણ અંગે પુછતાછ કરી હતી. જેમાં પોલીસ તપાસમાં સચિને સિલસિલાબંધ હકીકતો કહેતા પોલીસ પણ ચોંકી ઉઠી છે. સચિનને તેની પ્રેમિકા



**હીના ઉર્ફે મહેંદીએ સાથે રહેવાની જીદ કરીને સચિને ગળુ દબાવી હીનાની હત્યા કરી, મૃતદેહ પેક કરી રસોડામાં બેગ મુકી**

હીના ઉર્ફે મહેંદી પેથાણીએ તુ ત્યાં જ રહે અથવા મારી સાથે જ રહે, તેમ કહેતા બંન્ને વચ્ચે ઉગ્ર ઝઘડો થયો હતો. આખરે ઉશ્કેરાટમાં સચિને તેની પ્રેમીકાનું ગળુ દબાવી હત્યા કરી હતી. જયારે હીનાના

મૃતદેહને બેગમાં પેક કરીને રસોડામાં મુકી સચિન શિવાંશ લઈને ગાડી લઈ ગાંધીનગર આવી પહોંચ્યો હતો. ત્યારે પેથાપુર ગૌ શાળા થી પરિચિત હોવાથી સચિને શિવાંશને ત્યાં તરછોડી પરિવાર સાથે રાજસ્થાન જવા માટે નીકળી ગયો હતો

પોલીસ દ્વારા સચિન દિક્ષિતની પુછપરછ કરવામાં આવતા શિવાંશ પ્રકરણમાં સિલસિલાબંધ વિગતો સામે આવી છે. જેમાં સચિન દિક્ષિત અને હીના ઉર્ફે મહેંદી પેથાણી વર્ષ ૨૦૧૮ થી પરિચયમાં આવ્યા હતા. હીના કોઈ કંપનીના શો-રૂમમાં નોકરી કરતી હતી. તે સમયે સચિન જતા આવતા બંન્ને વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો હતો. વર્ષ ૨૦૧૯ થી સચિન અને હીના સાથે રહેતા હતા. જયારે વર્ષ ૨૦૨૦ માં શિવાંશનો જન્મ થયો હતો. બાદમાં સચિનની જુન માસમાં વડોદરા બદલી થઈ હતી. જેથી સચિન દિક્ષિત હીના ઉર્ફે મહેંદી અને શિવાંશ સાથે વડોદરાના બાપોદ વિસ્તારમાં આવેલા દર્શનમ ઓશીસ ફલેટ નં.જી.૧૦૨ ખાતે રહેતા હતા. હીનાને ખબર હતી કે સચિન પરિણિત છે.

જયારે સચિનની પત્ની અનુરાધા આ પ્રેમસંબંધ અંગે કંઈ જાણતી ન હોવાનું સામે આવ્યું છે. બરોડા ખાતે રહેતો સચિન અઠવાડીયામાં સોમ થી શુક્ર હીના સાથે રહેતો અને શનિ-રવિ ગાંધીનગર માતા-પિતા, પત્ની અને બાળક સાથે રહેવા માટે આવતો હતો. સચિન દિક્ષિતના પ્રણય ત્રિકોણને પગલે અનેક જીંદગી બરબાદ થઈ ગઈ છે. માતાના પ્રેમથી વંચિત રહેનાર બાળકને હવે પિતાનો પ્રેમ પણ નસીબ નહીં થાય. હવે હાલ શિવાંશને અમદાવાદ શિશુ ગૃહ ખાતે મોકલી આપવામાં આવશે. તો બીજીતરફ સેકટર-૨૬ ખાતે રહેતા સચિનના પરિવારની ચિંતામાં પણ વધારો થયો છે.

ગાંધીનગરના પેથાપુરમાં મળી આવેલા શિવાંશના માતાપિતા સુધી પોલીસ આખરે પહોંચી ગઈ છે. તેના માતાનું નામ મહેંદી દેઠાણી અને પિતાનું નામ સચિન દિક્ષિત હોવાનું ખૂલ્યુ છે. સચિન અને મહેંદીના બે વર્ષના રંગરેલિયા બાદ શિવાંશનો જન્મ થયો હતો. પરંતુ સવાલ એ છે કે આખરે આ બાળકનો શુ વાંક હતો.

### ઘટનાક્રમની સાથે સાથે

- હીના ઉર્ફે મહેંદી પેથાણી મુળ જુનાગઢ કેશોદની વતની છે
- હિનાના માતા હયાત નથી, ત્યારે તેના પિતાએ બીજા લગ્ન કર્યા છે.
- હીનાના માસા-માસી બોપલ વિસ્તારમાં રહે છે.
- શિવાંશનો જન્મ બોપલ વિસ્તારમાં થયો હતો.
- મહેદી અને શિવાંશ બોપલમાં રહેતા હતા.
- હવે શિવાંશ ઓઢવ શિશુ ગૃહ ખાતે રહેશે.
- સચિન અને મહેંદી લીવ-ઈનમાં વડોદરા રહેતા હતા.
- સચિન દુધ-ઘી લેવા માટે જતો હોવાથી ગૌ શાળાથી પરિચિત હતો.
- પોલીસે એફએસએલની મદદ લઈ વડોદરા ખાતે તપાસનો ધમધમાટ
- સચિને હીનાની હત્યા કરી મૃતદેહ બેગમાં પેક કરી રસોડામાં મુકી દીધી હતી.
- સેકટર-૨૬ ન્યું ગ્રીનસીટી ખાતે સચિનની પત્નીની પુછપરછ કરાઈ.
- પતિના પ્રેમ પ્રકરણથી સચિનની પત્ની અજાણ હોવાનો ખુલાસો.
- રવિવારે સવારે પોલીસ સચિન અને પરિવારને રાજસ્થાનથી લઈ આવી
- સિવિલ ખાતે શિવાંશની બર્થ ડે ની ઉજવણી કરાઈ

### હવે કાનુની દ્રષ્ટિએ શિવાંશનુ કોણ...

શિવાંશની માતા હીનાનું મૃત્યુ થઈ ગયું છે અને તેનો પિતા હવે હત્યાનો આરોપી બની ગયો છે. ત્યારે કાનૂની નિષ્ણાંતોના મતે શિવાંશ ખરેખર સચિનનો દિકરો છે કે નહી તે અંગેની ખરાઈ ડીએનએ ટેસ્ટથી થશે. રિપોર્ટમાં શિવાંશ સચિનનો દિકરો સાબિત થાય તો શિવાંશ પર હક સૌ પ્રથમ સચિનના પિતા એટલે કે દાદાનો ગણાય. તેઓ શિવાંશની જવાબદારી લેવા તૈયાર થાય છે કે પછી દત્તક આપવા માંગે છે તેના પર શિવાંશનું ભાવિ નક્કી થઈ શકે છે.

## શિવાંશના જન્મ દિવસની ઉજવણી કરાઈ



ગાંધીનગર પેથાપુર સ્વામીનારાયણ ગૌ શાળા પાસેથી રાત્રીના સમયે તરછોડી દેવાયેલ બાળક મળી આવ્યું હતું. તેની જાણ થતા જ સ્થાનિક કોર્પોરેટર દિપ્તીબેન પટેલ, ગાંધીનગર મહાનગરના મહામંત્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા, સ્થાનિક નાગરીકો તેમજ પેથાપુરના અગ્રણી મનિષ પટેલ પણ દોડી આવ્યા હતા. બાળક અંગે પેથાપુર પોલીસને જાણ કર્યા બાદ બાળકને મેડીકલ તપાસ માટે ગાંધીનગર સિવિલ ખાતે લાવવામાં આવ્યો હતો. ત્યારબાદ થી બાળકની સાર-સંભાળ રાત દિવસ સતત દિપ્તીબેન રાખી રહ્યા છે. તે ઉપરાંત પેથાપુરના સ્થાનિક નાગરીકો પણ બાળક પાસે દોડી આવે છે. ત્યારે આજે શિવાંશની બર્થ ડે સિવિલ ખાતે ઉજવવા આવી હતી.જેમાં રૂમમાં શિવાંશને કેપ પહેરાવી કેપ કપાવી હતી. સૌ કોઈ હેપી બર્થ ડે શિવાંશ કહી રહ્યા હતા. ત્યારે કેક ખાઈને તમામ વ્યકિતએ મો મીઠુ કર્યું હતું.આ પ્રકારે શિવાંશની બર્થ ડે ની અનોખી રીતે ઉજવણી કરવામાં આવતા દરેક વ્યકિતના ચહેરા પર સ્મિતની લ્હેર પ્રસરી ગઈ હતી.



પથ સંચલન - વિજયાદશમીની ઉજવણીના ભાગરૂપે રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘના સ્વંયસેવકો દ્વારા શહેરના અલગ-અલગ વિભાગોમાં પથ સંચલનનું આયોજન કરાયું હતું... સેકટર-૭ અને કુડાસણ વિસ્તારમાં યોજાયેલ પથ સંચલને નાગરિકોનું ધ્યાન આકર્ષિત કર્યું હતું... પ્રતિવર્ષ શિસ્ત અને રાષ્ટ્રભક્તિની અભિવ્યક્તિના ભાગરૂપે દેશભરમાં પથ સંચલનનું આયોજન કરાય છે...

# ગાંધીનગર-અમદાવાદ વચ્ચે હેલી સર્વિસીઝ શરૂ કરાશે

ગાંધીનગર, તા. ૧૦

કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ અમદાવાદ-ગાંધીનગર સહિત ૧૦ શહેરોમાં હેલિકોપ્ટર શરૂ કરવાની જાહેરાત કરી છે.

દેશમાં હેલી સેવા ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે સરકારે આ નીતિમાં ૧૦ મુખ્ય મુદ્દાઓ પર ફોકસ કર્યુ છે. ઈમરજન્સી હેલિકોપ્ટર ચિકિત્સા સેવા માટે ૩ એક્સપ્રેસ વે વિકસીત કરવામાં આવશે. આ સિવાય ૪ શહેરોમાં હેલી હબ બનાવવામાં આવશે.

એર-ટ્રાફિક સમસ્યાને દૂર કરવા માટે વિમાન અને હેલી સેવાઓ માટે અલગ-અલગ રૂટ નક્કી કરાશે. દેશમાં ક્યારેય પણ હેલી સેવાઓ પર લેન્ડિંગ અને પાર્કિંગ ચાર્જ નહિ લગાવવામાં આવે.

સિંધિયાએ ગુજરાતના પાટનગર ગાંધીનગર અને અમદાવાદ વચ્ચે સેવા શરૂ કરવાની જાહેરાત કરી છે. મહત્વનું છે કે રાજ્ય સરકાર દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી એર એમ્બ્યુલન્સ સેવા શરૂ કરવાની વાતો થતી રહી છે. તેવામાં હવે કેન્દ્ર સરકારે શુક્રવારે હેલી નીતિની જાહેરાત કરી છે.

આગામી સમયમાં અમદાવાદ-ગાંધીનગરમાં હેલિકોપ્ટર સેવા શરૂ કરવામાં આવશે. કેન્દ્રીય ઉડ્ડયન મંત્રીએ આ સુવિધા અંગેની જાહેરાત કરતાં જણાવ્યું છે કે આ પોલિસીમાં દેશના ૧૦ શહેરમાં ૮૨ રૂટ પર હેલિકોપ્ટર કોરિડોર વિકસીત કરાશે. આ માટેનું આયોજન પણ તૈયાર હોવાનું તેમણે સ્વીકાર્યુ હતુ.

ગાંધીનગર-અમદાવાદ વચ્ચે એક્સપ્રેસ-વે પછી, ગાંધીનગર-અમદાવાદ વચ્ચે મેટ્રો રેલ પ્રોજેક્ટ અને આરોગ્ય માટે ગાંધીનગર-અમદાવાદ વચ્ચે હેલી સર્વિસીઝની જાહેરાત ગાંધીનગરના વિકાસને વધુ વેગીલો બનાવશે. રેલવે સ્ટેશન પર ફાઈવસ્ટાર હોટલની સુવિધા તેમજ પ્રવાસીઓ માટે મહાત્મા મંદિર તેમજ હરણોદ્યાન, બાલોદ્યાન જેવા રમણીય ઉદ્યાનો પણ રહેશે.

બીજી તરફ ગાંધીનગર દર્શન માટે ખાસ સીટી બસ શરૂ કરવા અંગે ભાજપે તેના ચૂંટણી સંકલ્પ પત્રમાં ઘોષણા કરી છે તે પણ નોંધનીય છે.

# વેક્સિનેશન મહા અભિયાનમાં શહેરમાં નબળો તો ગ્રામ્યમાં ઉત્સાહવર્ધક પ્રતિસાદ

**ગ્રામ્યમાં ૨૦ હજારથી વધુ લોકોને તો શહેરમાં ૨૨૦૦ થી વધુને આવરી લેવાયા : ગ્રામ્ય વિસ્તારમાં વેક્સિનેશનનો બીજો ડોઝ લેનારાની સંખ્યા ૪ લાખને પાર કરી ગઈ : આજે બીજો ડોઝ લેનારા લાભાર્થી વધુ**



ગાંધીનગર, તા. ૧૦

આજે કોરોના વેક્સિનેશન મહાઅભિયાનમાં જિલ્લામાં ૨૨ હજારથી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા હતા. શહેરમાં મહા અભિયાનને નબળો પ્રતિસાદ સાંપડ્યો હતો. જો કે ગ્રામ્ય વિસ્તારમાં સારો પ્રતિસાદ આ અભિયાનને મળ્યો છે.

મળતી વિગતો પ્રમાણે ગ્રામ્ય વિસ્તારમાં ૨૧ હજાર જેટલા લોકોને આવરી લેવામાં આવ્યા હતા. જ્યારે શહેરમાં રજાનો માહોલ હોવાથી લોકોએ ઘરની બહાર નીકળવાનું ટાળ્યુ હતુ. શહેરમાં માત્ર ૨૨૦૦ જેટલા લોકોને આવરી લેવામાં આવ્યા હતા.

શહેર-જિલ્લામાં આજે વેક્સિનેશન મહા અભિયાનમાં વેક્સિનનો બીજો ડોઝ લેનારા લાભાર્થીઓ વધુ હતા. શહેર-જિલ્લામાં થઈ બીજો ડોઝ લેનારા લાભાર્થીઓની સંખ્યા ૧૯ હજાર ઉપર થવા જાય છે.

ગ્રામ્ય વિસ્તારમાં ખાસ કરીનો માણસાના બાલવા, લીંબોદરા વિસ્તારમાં તો તંત્રના કર્મયોગીઓ ઘરે ઘરે ફરી અને વયોવૃદ્ધ લોકોનું વેક્સિનેશન કર્યુ હતુ. એટલુ જ નહિ રસીકરણનો વિરોધ કરતા જૂથો સાથે બેઠક કરી અને આ રસીની કોઈ આડ અસર નહિ હોવાનું સમજાવી વેક્સિનેશન અભિયાનને આગળ ધપાવ્યુ હતુ.

મળતી વિગતો પ્રમાણે ૧૮ થી ૪૪ વર્ષના વયજૂથમાં ૨૩૧૭ લોકોને, ૪૫ થી ૬૦ વર્ષના વયજૂથમાં ૫૪૨ લોકોને, તેમજ ૬૦ થી ઉપરની વયજૂથમાં ૨૮૬ લોકોને વેક્સિનનો પ્રથમ ડોઝ સાત

### રજા ભોગવ્યા સિવાય સતત ફરજ બજાવતા આરોગ્યના કર્મયોગીઓને સલામ

ગાંધીનગર, તા. ૧૦

આરોગ્યતંત્રના ફિલ્ડના કર્મચારીઓ કોરોના મહામારીના કપરા સમયથી એક પણ રજા ભોગવ્યા વિના સતત વેક્સિનેશન અને સર્વેલન્સની કામગીરી કરી રહ્યા છે.

અત્યંત તનાવભરી સ્થિતિમાં લક્ષ્યાંક પૂર્ણ કરોના આદેશ પર કામગીરી કરી રહેલા આ કર્મયોગીઓ અભિનંદનના અધિકારી છે. નવરાત્રીના પર્વમાં પણ ઘરે ઘરે ફરીને તેમજ રસી લેવાના વિરોધ કરતા જૂથો સાથે બેઠક કરી તેમને રસી લેવા તૈયાર કરી લક્ષ્યાંક સુધી પહોંચવાની કામગીરી કરનારા કર્મયોગીઓની આ સેવા નિષ્ઠાને સલામ. આ કર્મયોગીઓને સરકારે ખાસ પ્રોત્સાહક પેકેજ જાહેર કરવુ જોઈએ તેવો ગણગણાટ ક્યાંક ક્યાંક સાંભળવા મળી રહ્યો છે.

ગ્રામ્ય વિસ્તારમાં સાંજે ૭ વાગ્યા સુધીમાં ૨૦,૭૦૦ લોકોને તંત્રની ટીમ દ્વારા આવરી લેવામાં આવ્યા હતા. જેમાં ૧૬ હજારથી વધુ લોકોને વેક્સિનનો બીજો ડોઝ આપવામાં આવ્યો હતો. જ્યારે ૩ હજારથી વધુ લોકોને વેક્સિનનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો હતો.

વાગ્યા સુધીમાં આપવામાં તંત્રને સફળતા મળી હતી.

જો કે વેક્સિનનો બીજો ડોઝ ગ્રામ્ય વિસ્તારમાં ૧૮ થી ૪૪ વર્ષના વયજૂથમાં ૧૦,૦૨૯, ૪૫ થી ૬૦ વયજૂથમાં ૪૨૨૫ અને ૬૦ થી વધુના વયજૂથમાં ૨૧૨૭ લોકોને આવરી લીધા હતા.

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com